# મોડાસાની ખાનગી સ્કૂલે ફી ભરવા માટે વાલીઓને મેસેજથી જાણ કરી

સમગ્ર દેશ કોરાના મહામારીનો ભોગ બન્યો છે જેમાં ગુજરાતમા પણ દિવસે દિવસે કેશોમા વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાત સરકાર દ્વારા સ્કૂલોમા બાળકો માટે ૧૫ ઓગસ્ટ સુધી વેકેશન જાહેર કરેલ છે અને ત્યાર પછી પણ સ્કૂલ ખોલવા બાબત નક્કી કહી શકાય તેમ ન હોવા છતાંયે મોડાસા શહેરની એક ખાનગી સ્કૂલ દ્વારા વાલીઓને ફી ભરવા માટેનો મેસેજ મોકલાવતા વાલીઓમા રોષ જોવા મળ્યો છે.

કોરોના મહામારીને કારણે હાલમાં ધંધા રોજગાર ઠપ્પ થઈ જતા લોકો આર્થિક સંકટમા મુકાયા છે ત્યારે મોડાસા શહેરની એક ખાનગી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને વોટ્સઅપ મેસેજ કરીને ફી ભરવા તેમજ ૩૧ જુલાઈ સુધીમા આખા વર્ષની ફી ભરનારને ૧૦૦૦ રૂપિયા પરત આપવાની લોભાવની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ જોઈએ તો હજુ સ્કૂલો ઓગસ્ટની ૧૫ તારીખ સુધી સ્કૂલ ચાલુ થઈ શકવાની નથી અને તે પછી પણ ક્યારે ચાલુ થશે તે પણ નક્કી નથી. ત્યારે આવા પ્રકારના ફી ભરવાના મેસેજથી વાલીઓ રોષે ભરાયા છે.

# ડીસામાં કોરોનાનો વધુ ત્રણ પોઝિટિવ કેસ : બે દિવસમાં છ કેસ સામે આવતા ભય છવાયો

બનાસકાંઠાના ડીસામાં દિન પ્રતિદિન કોરોના પોઝીટિવ કેશોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેને લઈને આરોગ્ય વિભાગ પણ ચિંતિત બન્યો છે.

સતત વધતા જતા કેસો ને લઈ સમગ્ર શહેરની જનતામાં ભય ફેલાયો છે લોકડાઉન દરમિયાન કેસો માં ઘટાડો થયો હતો બાદ માં અન લોક - ૧ બાદ રવિવારે ડીસા શહેર વિવિધ વિસ્તરોમાંથી ત્રણ - ત્રણ કોરોના પોઝીટિવ કેશ નોંધાયા હતા જેમાં રવિવારે પોસેટિવ આવ્યા બાદ સોમવારે ફરી ડીસા માં ત્રણ પોસેટિવ કેસ સામે આવ્યા હતા તેમાં (૧)જગદીશ તુળજારામ ઠક્કર, ૬૦વર્ષ, ઉન્નતિ પાર્ક,ડીસા (૨)દશરથ નાનાલાલ ચોખાવાલા,૭૬ વર્ષ, કુંજ,સોસાયટી, ડીસા પોઝેટીવ (૩)દેવચંદ નાનાલાલ ચોખાવાળા,પ્રતાપચાલી ડીસા પોઝેટીવ આવતા ડીસા કોરોના નું હોટ સ્પોટ બની જવા પામ્યું છે આમ ડીસા માં.સતત વધતા કેસ ને લઈ ડીસા માં કોરોના પોસેટિવ ની શખ્યાં ફરી ૩૪ સુધી પહોંચી જવા પામી છે સતત વધતા જતા કેસો ને લઈ ડીસા શહેર માં ભયનું વાતાવરણ સર્જાયું હતું જોકે શહેરમાં વધી રહેલા કેશોના પગલે શનિવારે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક એક બેઠક યોજવામાં આવી હતી જેમાં શહેરમાં સતત વધી રહેલા કેશ કઈ રીતે કન્ટ્રોલ માં આવે તે બાબતે પણ આગોતરું આયોજન હવે જરૂરી લાગી રહ્યું છે.

### સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર ૭૯ દિવસ પછી

# ભક્તો માટે પ્રવેશદ્વાર ખુલ્લા મુકાયા મંદિર ખુલ્યા બાદ મોટા ફેરફાર

મોડાસા, તા.૮

કોરોના મહામારી ના કારણે છેલ્લા ૭૯ દિવસ થી કોરોના સંક્રમણને અટકાવવા ધાર્મિક સ્થાનો બંધ કરવામાં આવ્યા હતા કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી મંદિર ટ્રસ્ટે સરકારની ગાઈડ લાઈન હેઠળ મંદિર વ્યવસ્થાપન તંત્ર દ્વારા બનાવાયેલ નિયમોની ચુસ્ત અમલવારી કરવામાં આવી



તે તમામ મંદિરો સરકારી ગાઈડલાઈન મુજબ આજથી શરૂ કરવામાં આવ્યા છે ત્યારે આજે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર ના દ્વાર પણ ખુલ્યા હતા ભક્તોની સુરક્ષા અને સલામતી માટે કોરન્ટાઈન થયેલ ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે દર્શન હતી અરવલ્લી જીલ્લામાં આવેલ તમામ મંદિરો ભક્તો માટે ખુલ્લા મુકવામાં આવતા ભક્તો ભક્તિમાં લીન બન્યા હતા

શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા બહાર થી આવતા યાત્રાળુઓ ને દર્શન માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે મંદિર ના ૧ નંબર ના પ્રવેશ દ્વાર થી ભક્તો ને પ્રવેશ અપાય છે ભક્તો ને પ્રવેશતા ની સાથે સેન્ટાઈઝ કરવામાં આવે છે ત્યારબાદ તમામ નું થર્મલ સ્ક્રીનીંગ કરવામાં આવે છે જો ટેમપરેચર વધારે જણાય તો તેને મંદિર માં પ્રવેશવા દેવા માં આવતા નથી ૧૦ વર્ષ થી નીચે અને ૫૦ વર્ષ થી ઉપર ના દર્શનરથી ને પણ પ્રવેશ બાંધી છે આવનાર તમામ દર્શનાર્થીઓ નું નામ સરનામું લખી ને નોંધ કરવામાં આવે છે ત્યારબાદ મંદિર ના પ્રવેશ દ્વાર થી મંદિર સુધી સફેદ ગોળ સર્કલ બનાવી સોસીયલ ડિસ્ટન્સ જળવાય એવા પ્રયત્નો હાથ ધરવા માં આવ્યા છે આમ ભગવાન શામળિયા ના દ્વાર ખુલતા જ ભક્તો મંદિર માં દર્શન માટે આવવા લાગ્યા છે જોકે પ્રથમ દિવસે ભક્તો ની પાંખી હાજરી જોવા મળી હતી આમ આજે ભગવાન શામળિયા ના દ્વારા ખુલતા જ ભક્તો એ આનંદ અને ઉત્સાહ થી દર્શન નો લાભ લીધો હતો.

# સાબરકાંઠા જિલ્લામાં વધુ એક કેસ પોઝીટીવ

## જિલ્લામાં ૧૧૯ પોઝીટીવ દર્દીઓને સારવાર અપાઇ : ૦૪ દર્દીઓના મોત

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૦૧ કેસ પોઝીટીવ આવ્યો છે. હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામની ઉમિયા પરિવાર સોસાયટી વિસ્તારની ૪૫ વર્ષીય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કારણે ૦૪ દર્દીઓના મોત નિપજયા છે, જયારે ૧૧૯ દર્દીઓને કોરોના પોઝીટીવ આવતા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. જેમાંથી અત્યાર સુધીમાં ૮૯ દર્દીઓ સાજા થતા દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જોકે અત્યારે ૮ દર્દીઓ કોરોના એકટીવ કેસ તરીકે સારવાર લઈ રહ્યા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામની ઉમિયા પરિવાર સોસાયટીમાં રહેતી ૪૫ વર્ષીય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર હરકતમાં આવ્યુ છે. કાંકણોલ વિસ્તારમાં અગાઉ પણ કોરોનાના પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા બાદ વધુ એક કેસ મળી આવતા આરોગ્ય તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારને કોરોન્ટાઇન કરી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. હિંમતનગર શહેરમાં ગાયત્રી મંદિર, મહાવીરનગર વિસ્તાર સહિત અન્ય વિસ્તારોમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે લોકો સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરે તેવી અપીલ તંત્ર દ્વારા કરવામાં આવી હોવા છતાં લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે. ગઈકાલે પેઢમાલા ગામના કોરોના પોઝીટીવ વૃધ્ધનું સારવાર દરમિયાન મોત નિપજયુ હોવાના કારણે જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના સંક્રમણના કારણે ૦૪ લોકોના મોત નિપજયા છે, જયારે અત્યાર સુધીમાં ૮૯ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જોકે હજી પણ સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવના ૮ દર્દીઓની તબિયત ખૂબ જ નાજુક અવસ્થામાં હોઈ તબીબો દ્વારા સારવાર આપવામાં આવી રહી છે.

# તલોદમાં દેવ દર્શન માટે મંદિરો ખુલ્યા સલામતીના નિયમોનો કડક અમલ કરવા તાકીદ

સમગ્ર વિશ્વ ને બાન માં લઈ હાહાકાર મચાવનાર કોરોના વાઈરસના સંક્રમણના ખોફને કારણે વિશ્વ ભરના નાના/મોટા દેવ મંદિરો લગભગ અઢી માસથી વધુ સમયથી બંધ છે. સાબરકાંઠાના તલોદના દેવ મંદિરો પણ આ સમય ગાળામાં બંધ રાખવાની જે તે ટ્રસ્ટી મંડળોને ફરજ પડી હતી. જે અન્વયે જડબેસલાક બંધ રહેલા તલોદના શ્રી કૃષ્ણ મંદિર, શ્રી એકિંલગેશ્વર મહાદેવજીનું શિવાલય, શ્રી નાથજીની હવેલી તથા શ્રી અંબાજી મંદિર તથા જૈન દેરાસરો આજે સોમવારથી રાબેતા મુજબ ખુલી ગયા છે.

શ્રી કૃષ્ણ મંદિરના આખાય પરિસરને દર્શનાર્થીઓ માટે ખુલ્લું મૂકતા પૂર્વે સેનેટાઇઝ કરવામાં આવ્યું હતું. આજ સોમવારથી અહી આવતા દર્શનાર્થીઓ માટે કેટલાક સલામતીના સૂચનો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમાં અચોક્કસ મુદત માટે કૃષ્ણ મંદિર પરિસરના કોઈ જ ધાર્મિક કે અન્ય સમારોહ પર પ્રતિબંધ, માસ્ક ફરજિયાત પહેરવો, સોશીયલ ડિસ્ટન્સ જાળવવું અને માત્ર દર્શન



કરીને મંદિર પરિસર છોડી દેવાની" નમ્ર વિનંતી" જેવા સૂચનોનો સમાવેશ થાય છે.

મંદિરના સંચાલક મંડળ એવા શ્રી તલોદ વૈષ્ણવ સમાજ ટ્રસ્ટે પૂર્ણ સલામતી બાબતે સર્વે જાગૃતિ દાખવે તેવી હિમાયત કરી છે. નગરપાલિકાએ આજે તલોદના દેવ મંદિરોમાં સેનેટાઇઝની કામગીરી કરી હતી.

# કોરોના મહામારી વચ્ચે બનાસ મેડીકલ કોલેજનો રક્તદાન કેમ્પ યથાવત

કોરોના મહામારીની પરિસ્થિતમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવી બનાસ મેડિકલ કોલેજ દ્વારા લગાતાર છઠા રક્તદાન કેમ્પનું સફળ આયોજન થયું. રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. આ વચ્ચે બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે ગંભીર બિમારીઓથી પીડાતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. અહીં સારવાર માટે આવતા ઘણા દર્દીઓને લોહીનું પ્રમાણ ઓછું હોય છે. જેથી તેમનો જીવ બચાવવા માટે ત્વરિત લોહી ચડાવવાની જરૂરિયાત પડે છે.



બનાસકાંઠા જિલ્લામાં કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં રક્તની જરૂરિયાત પડતા દર્દીઓની રક્તની માંગને ધ્યાનમાં રાખી બનાસ મેડિકલ કોલેજ દ્વારા યુવા અને ઉત્સાહી આગેવાન ડો. હિતેશભાઈ ચૌધરીનો સંપર્ક કરી સામાજિક સંસ્થાઓના સહયોગથી રક્તદાન કેમ્પ સમયાંતરે આયોજિત કરવામાં આવે છે. તાજેતરમાં તેઓના સહયોગથી બનાસ મેડિકલ કોલેજ દ્વારા છઠા રક્તદાન કેમ્પનું આયોજન વડગામ તાલુકાના પીલુચા ગામે કરવામાં આવ્યું. કોરોના મહામારીમાં સાવચેતીના તમામ પગલાઓનો ચુસ્ત અમલ કરી સોશિયલ ડિસ્ટન્સ જાળવી રક્તદાતાઓનું રક્ત એકત્ર કરવામાં આવ્યું. મહામારી દરમ્યાન મેળવેલ કુલ ૧૮૦ યુનિટ પૈકી આ કેમ્પમાં ૫૭ યુવા રક્તદાતાઓએ રક્તદાન કરેલ છે.

### કોરોના ખૌફે યુવકનો ભોગ લીધો

# મોડાસાના યુવકને કોવીડ હોસ્પિટલમાં લઈ જતી એમ્બુલન્સને અકસ્માત નડતા યુવકનું મોત

મોડાસા, તા. ૮

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે મોડાસા શહેરમાં કોરોનાના દર્દીઓ સતત વધી રહ્યો છે કોરોનાના ખોફના પગલે ખાનગી હોસ્પિટલમાં તબીબો સારવાર કરતા પણ ખચકાટ અનુભવી રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં રહેતા ઈમરાન સદા નામના યુવકને બ્લડ પ્રેસર સાથે શ્વાશ લેવામાં તકલીફ થવાની સાથે પેટમાં દુખાવો ઉપડતા પરિવારજનો યુવકને ત્રણ હોસ્પિટલમાં સારવાર માટે ફર્યા પછી મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં લઈ જતા પ્રાથમિક સારવાર આપી યુવકને ઓક્સિજન ઓછો પડતો હોવાથી હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ મારફતે ખસેડવા જતા લીંભોઈ નજીક એમ્બ્યુલન્સ ટ્રેક્ટર પાછળ ઘુસી જતા ગમખ્વાર અકસ્માતમાં બીમાર યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું ૫ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી કોરોનાના ખોફના પગલે ત્રણ હોસ્પિટલમાં સારવાર ન મળતા કોવીડ હોસ્પિટલમાં ખસેડવા જતા અકસ્માતમાં મોત નિપજતા ભારે ચકચાર મચી હતી



મોડાસા શહેરના એફ.યુ.મલેક હાઈસ્કૂલ નજીક રહેતા મોં.ઈમરાન ભાઈ અસ્લમભાઈ સદા નામના યુવકને રવિવારે રાત્રે અચાનક બ્લડ પ્રેસર વધી જતા અને શ્વાસ લેવામાં તકલીફ થતા યુવકની પત્ની અને પરિવારજનો યુવકને ઘાંચી આરોગ્ય હોસ્પિટલમાં લઈ જતા ડોક્ટર હાજર ન હોવાનું જણાવતા પરિવારજનો અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જતા તબીબે યુવકને સાર્વજનિક હોસ્પિટલમાં લઈ જવાનું જણાવતા પરિવારજનો સાર્વજનિક હોસ્પિટલમાં લઈ પહોંચતા તબીબે જતા યુવકને કોવીડ-૧૯ હોસ્પિટલમાં મોકલી આપતા કોવીડ-૧૯ હોસ્પિટલમાં યુવકને પ્રાથમિક સારવાર આપી ફરજ પરના તબીબોએ યુવકને ઓકસીજન ઓછો પડતો હોવાથી એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં લઈ જતા લીંભોઈ નજીક એમ્બ્યુલન્સ આગળ જતા ટ્રેક્ટર પાછળ ઘુસી જતા એમ્બ્યુલન્સનો કડૂચાલો વળી જતા ઈમરાન સદાનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું જયારે તેની પત્ની સહીત ૫ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.



## યુવકને રિક્ષામાં સારવાર અર્થે હોસ્પિટલ હોસ્પિટલ ભટક્યા પછી યુવકનું અકસ્માતમાં મોત નિપજતા લોકોમાં આક્રોશ

મોડાસા શહેરના મોં.ઈમરાન સદા નામના યુવકને બ્લડ પ્રેસર અને શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ રિક્ષામાં પત્ની અને પરિવારજનો સારવાર માટે ત્રણ-ત્રણ હોસ્પિટલમાં ભટક્યા હતા હોસ્પિટલના સ્ટાફે અને તબીબોએ કોરોનાના ડરના પગલે યુવકને સારવાર આપવાનો ઈન્કાર કરતા યુવકનું કોવીડ હોસ્પિટલ હિંમતનગરમાં સારવાર અર્થે ખસેડવા જતા અકસ્માતમાં યુવકનું મોત નિપજતા લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો અને સોશ્યલ મીડિયામાં કોરોનાના ખોફથી યુવકને સારવાર ન મળતા અકસ્માતમાં જીવ ગુમાવવાનો વારો આવ્યો હોવાના રોષ ઠાલવ્યો હતો.

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના 3 લાખથી વધુ

# દૂધ ઉત્પાદકોને ૨૯૨.૩૩ કરોડ રીટેઈન્ડ મની સ્વરૂપે ચૂકવાશે

સાબરકાંઠા–અરવલ્લી જિલ્લાના ત્રણ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂા.૨૯૨.૩૩ કરોડની રકમ રીટેઈન્ડ મની સ્વરૂપે ચૂકવવા સાબરડેરીની સોમવારે મળેલી નિયામક મંડળની બેઠકમાં નિર્ણય લેવાતા બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાબરડેરી દ્વારા જૂન મહિનામાં ચૂકવવામાં આવતી રીટેઈન્ડ મની સ્વરૂપે તફાવતની રકમ માટે બંને જિલ્લાના લાખ્ખો દૂધ ઉત્પાદકો આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા. જેનો નિર્ણય સાબરડેરીના નિયામક મંડળે બેઠકમાં લઈ જૂન મહિનામાં દૂધ ઉત્પાદકોને આશરે ૧૦ટકા મુજબની રકમ ચૂકવવાનું જાહેર કર્યુ છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો ચોમાસાની ઋતુમાં ખેતી માટે બિયારણ તથા ખાતર, દવા ખરીદ કરવાની હોય કે સામાજિક પ્રસંગ હોય ત્યારે તેઓ દ્વારા સ્થાનિક દૂધ મંડળીઓમાં વેચેલ દૂધની કિંમત આધારે ડેરી દ્વારા જૂન મહિનામાં ચૂકવવામાં આવતી રીટેઈન્ડ મની સ્વરૂપે તફાવતની રકમ માટે ત્રણ લાખથી વધુ દૂધ ઉત્પાદકો આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા. સાબરડેરીના નિયામક મંડળની સોમવારે મળેલી બેઠકમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે દૂધ ઉત્પાદકોની અપેક્ષા મુજબ વિક્રમજનક રકમ રૂા.૨૯૨.૩૩ કરોડ ચૂકવવાનો નિર્ણય નિયામક મંડળના બોર્ડ દ્વારા લેવાયો છે. બોર્ડના આ નિર્ણયથી બંને જિલ્લાના ત્રણ લાખથી પણ વધુ દૂધ ઉત્પાદકોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

# નગર પાલિકાના કોન્ટ્રાક્ટ કામદારો દ્વારા કેનાલની સફાઈ કરાઈ

તલોદ તા.૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે માર્કેટ યાર્ડ પાછળ આવેલ અતિ ભારે ગંદકી ભરેલી કેનાલની સફાઈ તલોદ નગરપાલિકાએ હાથ ધરતાં આ વિસ્તારના વસાહતીઓને રાહત થવા પામી હતી.

સફાઈના અભાવે અસહ્ય ગંદકીથી તરબતર હતી. જે ગંદકીના કારણે અહીંના વસાહતીઓ ત્રાહિમામ પોકારી રહ્યા છે. અહી નજીકમાં કારખાના પણ આવેલ છે. ત્યાં કામ કરતા લોકો પણ દુર્ગંધ મારતી કેનાલથી ત્રાહિમામ બન્યા છે.

કામદારોની ટીમ આ કેનાલની સફાઈ હાથ ધરી છે. ન.પા.ના ચીફ ઓફિસર સંજય રામાનુજની દેખરેખ હેઠળ સફાઈ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

પ્રિ-મોનસુન કામગીરી અંતર્ગત આ કેનાલ સફાઈ હાથ ધરી



તલોદ નગરપાલિકાની હદમાં અને માર્કેટ યાર્ડ પાછળના ભાગમાં આવેલી શ્રમજીવી અને ગરીબ પરિવારોની વસ્તી વચ્ચે આવેલી મોટી કેનાલ લાંબા સમયગાળાથી

પ્રજાની આ સમસ્યા અને વેદનાને અખબારે કેટલાક સમય પૂર્વે વાચા પણ આપી હતી. તાજેતરમાં તલોદ નગરપાલિકાના આધારિત કામ કરતા સફાઈ

હોવાનું મનાય છે. તલોદ બજારની મધ્યમાંથી પસાર થતી વરસાદી પાણી અને ગંદા પાણીના નિકાલ માટેની કેનાલની સફાઈ કરવાનુ મુહુર્ત હજુ આવ્યું લાગતું નથી.



## ધનસુરામાં વરસાદ વરસ્યો....

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં પવન સાથે વરસાદ વરસ્યો હતો. ધનસુરામાં પવન અને વીજ કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જેને લઈને લોકોને ગરમીથી રાહત થઈ હતી. ધનસુરામા વરસાદથી લોકોને ગરમીથી રાહત થઈ છે. ખેતીલાયક વરસાદ થતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી હતી.


## જાહેર સુચના

આથી નગરપાલિકા ધાનેરા વિસ્તારના તમામ મિલ્કત ધારકોને તાકિદ કરવામાં આવે છે કે, પોતાની માલિકીનું અથવા ભાડુઆત તરીકે બિલ્ડીંગ ધારકોએ તેઓનું બિલ્ડીંગ જો જર્જરિત હાલતમાં હોય અથવા બિલ્ડીંગ છાપરાનો કોઈ ભાગ જર્જરિત હાલતમાં હોય તેઓએ તાકિદે ઉતારવા જણાવવામાં આવે છે. અન્યથા કોઈ જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જેને મિલ્કત ધારકની રહેશે. વધુમાં આળા જર્જરિત મકાનો અંગે નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અને ડિઝાસ્ટર એક્ટ અંતર્ગત નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

નગરપાલિકા ધાનેરા વિસ્તારમાં ચોમાસા દરમિયાન રેલ નદીનું પાણી આવવાની શક્યતા રહે છે. જે પાણીનું વહેણ નગરપાલિકા વિસ્તારમાં આવેલ માર્કેટયાર્ડ, વેપારી વાસ, સોતવાડા માર્ગથી વિસ્તારમાં પ્રવેશે છે. જે પાણીના વહેણમાં કોઈએ બાંધકામ કરવું નહીં, નિવાસ કરવો નહીં, પશુ, ઢોર-ઢાંખર બાંધવું નહીં. અન્યથા વરસાદી પાણી, રેલ નદીના પાણીથી કોઈ નુકસાન થશે તો પોતાની અંગત જવાબદારી રહેશે.

સ્થળ : ધાનેરા
તારીખ : ૩/૬/૨૦૨૦

સહી/-
(એસ.એમ. અંસારી)
મુખ્ય અધિકારી
નગરપાલિકા ધાનેરા

સહી/-
(બી.એસ. ખરાડી)
મામલતદાર
ધાનેરા